SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 34. ઉત્તર ગુજરાતનુ લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

દેસાઈ અલ્પેશકુમાર સાંકાભાઈ

* પ્રસ્તાવના:-

વર્તમાન સમયમાં લોકવિદ્યા ના અભ્યાસ તરફ મોટાભાગના લોકોનું ધ્યાન ગયું છે. અને લોકવિદ્યા વિશાળ સ્વરૂપે પણ છે. જેથી અનેક શાખાઓ અનેક આંતરવિદ્યા શાખાઓ આના માટે ખુલ્લી છે. અને આપણે જો એનો અભ્યાસ કરવા માગીએ છીએ તો ખૂબ સારું કામ થઈ શકે એમ છે. લોક વિદ્યાનો વિશાળ અર્થ છે. જેને આપણે ચોક્કસ કોઈ માપદંડોમાં બાંધી ન શકીએ. આજ લોક વિદ્યામાં……

* લોક સાહિત્ય
* લોક કળા
* ભરત ગુંથણ
* લોક માન્યતાઓ
* લોકસંગીત
* લોક નૃત્ય

વગેરેનો સમાવેશ થાય છે. આમ વિશાળ અર્થમાં આપણે જોઈએ તો તેના અભ્યાસની પ્રબળ શક્યતાઓ રહેલી છે. આજે સમાજમાં આંતરવિદ્યા શાખાકીય માંગ ઊભી થઈ છે. ત્યારે લોક સાહિત્યનો અભ્યાસ પણ જરૂરી બને છે. આમ તો લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ એકબીજાના પૂરક માનવામાં આવે છે. લોકસંસ્કૃતિ માંથી જ લોકસાહિત્યનો જન્મ થયો છે. જયા સંસ્કૃતિ અભ્યાસ માનવ ઉત્પત્તિની જાણકારી ,ઐતિહાસિક તથ્યો, જેવી અભ્યાસની શક્યતાઓ અને અસરનો સ્વીકાર કરે છે. આમ તો ભારત અને ગુજરાત અનેક ભાતિગત વિવિધતા ધરાવે છે. તેનો એક ઐતિહાસિક વારસો નીતિઓ, ગરબા, શિલ્પો, જુના સ્મારકો, વિવિધ જાતિઓ, સ્થાપત્યો,અભયારણો,જંગલો, ગુજરાતની આગવી ઓળખ છે. જેમાં ઉત્તર ગુજરાત એ ગુજરાતનું હૃદય માની શકાય. અનેક ગતિવિધિઓનું કેન્દ્ર ઉત્તરગુજરાત રહ્યું છે. જે ભવ્ય સંસ્કૃતિ અને સભ્યતાનો વિશાળ વારસો ધરાવે છે. ઉત્તર ગુજરાતની સભ્યતા અને સંસ્કૃતિની વાત કરીએ એ પહેલા આપણે તેના વિસ્તાર અને સીમાઓ વિશે જાણીએ.

સાબરકાંઠા,બનાસકાંઠા,પાટણ, મહેસાણા,ગાંધીનગર, અરવલ્લી વગેરે જિલ્લાઓનો સમાવેશ ઉત્તર ગુજરાતમાં થાય છે. જેમાં બહુચરાજી અંબાજી,મહુડી,શામળાજી જેવા પ્રાચીન મંદિરો છે. અરવલ્લીની ગિરિમાળા અને ઇડરિયો ગઢ,વિદ્યાચલની પર્વતશૃંખલા, જેસોર વન્ય અભ્યારણ ઉત્તર ગુજરાતની આગવી ઓળખ છે. રુદ્ર મહાલય, રાણીની વાવ, વડનગર નું કીર્તિ તોરણ, વાવનું નડેશ્વરી માતાજી મંદિર સાથે અંબાજી, શામળાજી અને જાદર નો મેળો ઉત્તર ગુજરાતની લોક સંસ્કૃતિ અને સભ્યતાને ઉજાગર કરે છે. વિવિધતામાં એકતા અહીંના રબારી, ભરવાડ,આદિવાસી ચૌધરી,પટેલો, ઠાકોરોનો વિવિધ સાંસ્કૃતિક વારસો જોવા મળે છે.

| | |
|---|---|
| *બાવન | *વઢીયાર |
| * બાવીસી | * જતોડા |
| * વાગડ | * દેહ પરગણું |
| *ડિસાવલ | * વાવેશી |
| * જતોડા | * થરાદરી |
| * ચુવાળ | * પાટવાડિયા |

* ખાખરીયા * ચોરાડ
* છોતેર

જેવા પેટા પ્રાદેશિક વિસ્તારો ઉત્તર ગુજરાતની લોક સંસ્કૃતિ અને સભ્યતાને દર્શાવે છે.

લોકસંસ્કૃતિ :-

ભારત અને ગુજરાત લોકપરંપરાને વહન કરનાર છે. જેમાં પેઢી દર પેઢી આ લોક સંસ્કૃતિ અને સભ્યતા આગળ વધે છે. અહીંનું ભૌગોલિક વાતાવરણ અને લોકસંસ્કૃતિ વચ્ચે નિકટ નો સંબંધ છે. જેમાં લોકગીતો, નાટ્ય સ્વરૂપો અને ચિત્રકલા નો વિકાસ થાય છે.

લોકસાહિત્ય, લોકગીત,મહાકાવ્ય વાર્તાઓ,કહેવતો વગેરે લોકસંસ્કૃતિનો એક ભાગજ છે. આજે આધુનિકતા એ ભરડો લીધો છે ત્યારે લોકસંસ્કૃતિનું મહત્વ ઘટી રહ્યું છે. આપણા સમાજમાં થતા લગ્ન,મૃત્યુ, જન્મ,સામાજિક રિવાજો આપણી પરંપરા વગેરે આપણને લોકસંસ્કૃતિ નો અનુભવ કરાવે છે. ઉત્તર ગુજરાતમાં રબારી ભરવાડ, આદિવાસી, ચૌધરી વગેરે જેવી જ્ઞાતિઓના તહેવારો અને રીતી રિવાજોમાં પણ લોકસંસ્કૃતિના વિશાળ દર્શન થાય છે.

- ઉત્તર ગુજરાતની લોકકથાઓનો અભ્યાસ-:

દરેક પ્રદેશમાં અનેક સંશોધનો માટે પૂરતો અવકાશ હોય છે ઉત્તર ગુજરાતના અનેક કવિઓ અને લેખકો દ્વારા લોક કથાઓને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરંતુ સૌરાષ્ટ્રમાં જેટલા પ્રમાણમા લોકકથાઓનો અભ્યાસ થયો છે સાહેબ એટલો અભ્યાસ ઉત્તર ગુજરાતમાં જોવા મળતો નથી. શાયદ ઉત્તર ગુજરાતના પેટાળમાં દબાયેલી લોકકથા ઓને ઉજાગર કરનાર કોઈ ઝવેરચંદ મેઘાણી મળ્યો નહીં હોય.

ઉત્તર ગુજરાતના મહેસાણાના રણેલા ગામના વતની મફત રણાલેકર દ્વારા અનેક જવા મર્દોને ઉજાગર કરવાનો ખૂબ સારો પ્રયાસ થયો છે. જીવો અને બાળચંદની કથા આજે પણ લોક મૂકે છે. ગાયોની વાહરે આવેલો વીર વાછડાદાદો આજે લોકકથા સ્વરૂપે જીવિત છે. અહીં લોકકથા સાથે સાથે પાળીયા કથાઓ પણ જોવા મળે છે. ખોડુભા બારોટની મહેનતના કારણે ઉત્તર ગુજરાતની 498 જેટલી પાળીયા કથા એકત્રિત થઈ છે.

- ઉત્તર ગુજરાતના લગ્ન ગીતો લોક સાહિત્યના સંદર્ભે-:

ઉત્તર ગુજરાતમાં અલગ અલગ જ્ઞાતિના અલગ અલગ લોકગીતો ગવાય છે.

અહીં રબારીઓના ગીતો

પાટીદારોના ગીતો

ભીલો ના લગ્ન ગીતો

બ્રાહ્મણોના લગ્ન ગીતો

આ સિવાય આ વિસ્તારના સોરઠા, ગરબા, જોડકણા અનેક સ્વરૂપે પણ લોકસંસ્કૃતિ ઉજાગર થાય છે.

- ઉત્તર ગુજરાતના લોકગીતો -:

આમ તો લોકગીતોના કોઈ રચયિતા હોતા નથી લોકમુકે ગવાતા ગીતો અનેક મુખ સુધી પહોંચે છે. આ લોકગીતો ઉપર અનેક સંશોધનો સંપાદનો થયા છે.

" કિયા ગામના વાસી ચેનાજી....

કિયા તે ગામના વાસી રે લોલ"..

વગેરે લોકગીતો આજે પણ લોકમાનસ ઉપર રમે છે.

"ચાલી ચાલી હુએ થાકી મુવા ચાલી ચાલી હું એ થાકી...

ધુળકી તારી મને માયા લાગી"

જેવા લોકગીતો લોક હૃદયને ગુંજવે છે. મણીયારો આજે પણ આપણી વચ્ચે જીવિત  છે. આમ કોઈ જ્ઞાતિનો પ્રભુત્વ વધારે ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ ભવ્ય વારસો હજુ પણ ઉત્તર ગુજરાત સાચવી બેઠુ છે.

હડીલા :-

ઉત્તર ગુજરાતમાં એમાય બનાસકાંઠાના ઠાકોરોમાં દિવાળીના તહેવારમાં ગવાય છે. જે ઉત્તર ગુજરાતનું નજરાણું કહી શકાય.

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યકારો :-

જેમણે ઉત્તર ગુજરાતના ઇતિહાસને ઢંઢોળી લોકો સમક્ષ લાવવાનું કામ કર્યું છે. અને સમગ્ર ગુજરાત તેમના સંશોધન ઉપર ગર્વ અનુભવે એવા સમર્થ સાહિત્યકારો ઉત્તર ગુજરાતે આપ્યા છે.

ડો. અમૃત પટેલ

મફત રાણાલેકર

પ્રેમજીભાઈ પટેલ

ડો. અમૃત પટેલ

ડો. ભગવાનદાસ પટેલ

શાંતિભાઈ આચાર્ય

અલ્પેશભાઈ દેસાઈ મોયદ

પ્રેમજીભાઈ પટેલ

વગેરે લોકસાહિત્યકારો દ્વારા  ગુજરાતના લોકસંસ્કૃતિ અને સભ્યતાના વારસા ને ઉજાગર કરવાનું કામ કર્યું છે.

સંદર્ભ સાહિત્ય:-

* ગુજરાતના લોકગીતો સંપાદન  - વિનાયક રાવલ
* રૂપેણ કાંઠાના શૂરવીરો – મફત રણાલેકર
* લોકગુજરી - અંક 22 અને 26
* બહુરંગધરા બનાસ  - મનુરબારી